# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref no. PN 2025-26/ Dt. 16/12/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા 3ડી પ્રિન્ટિંગ ટેકનોલોજી પર સેમિનાર યોજાયો
# અગ્રણી ભારતીય 3ડી પ્રિન્ટર ઉત્પાદક Make3D.inના મીત દવેએ અધતન ટેકનિક અને તેના અગણિત લાભો સમજાવ્યા

**સુરત, 16 ડિસેમ્બર, 2025**

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (એસજીસીસીઆઇ)ની જનરલ એન્જિનિયરિંગ કમિટીએ સેવા અને સેતુના સહયોગથી 13 ડિસેમ્બર, 2025ના રોજ ઉત્પાદન ટેકનિક્સમાં પ્રગતિ 2.0 હેઠળ 3ડી પ્રિન્ટિંગ ટેકનોલોજીની પરિવર્તનકારી ક્ષમતા પર એક રસપ્રદ સેમિનારનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં અગ્રણી ભારતીય 3ડી પ્રિન્ટર ઉત્પાદક Make3D.inના શ્રી મીત દવેએ મુખ્ય વક્તા તરીકે ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડ્યું.

ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ સ્વાગત સંબોધનમાં કહ્યું કે આ સેમિનારનો મુખ્ય આશય એ છે કે નવી ટેકનોલોજીનો સ્વીકાર થાય. સરકાર પણ ટેકનોલોજીને પ્રોત્સાહિત કરી રહી છે.

તેમના 45-મિનિટના સંબોધનમાં, શ્રી મીત દવેએ 3ડી પ્રિન્ટિંગની પ્રગતિ પર પ્રકાશ પાડ્યો હતો, જેમાં દર્શાવ્યું હતું કે કેવી રીતે Make3D.inના નવીન ઉકેલો, તેમની ઔદ્યોગિક-ગ્રેડ પ્રિન્ટરોની પ્રથમ શ્રેણી સહિત, ઝડપી પ્રોટોટાઇપિંગ, કસ્ટમાઇઝ્ડ ઉત્પાદન અને ખર્ચ-અસરકારક ઉત્પાદન સાથે બિઝનેસીસને સશક્ત બનાવી

રહ્યા છે. પીસીએલ મટિરિયલ ટિશ્યુ એન્જિનિયરિંગમાં વપરાય છે. ઈજા થવાથી ટિશ્યુ ડેમેજ થાય તો આ મટિરિયલ અસલ ટિશ્યુ જેવું કામ કરે છે, આ રીતે તૂટેલો હાથ પણ ફરી કાર્યરત થઈ શકે છે.

3ડી પ્રિન્ટિંગ કેવી રીતે કામ કરે તે સમજાવતા તેમણે કહ્યું કે તે ઇન્ડસ્ટ્રી, મેડિકલ સહિત ઘણાં ક્ષેત્રોમાં ખૂબ ઉપયોગી છે. તેમણે રેસિન 3ડી પ્રિન્ટિંગ વિશે સમજ આપતા તેમણે 3ડી પ્રિન્ટિંગથી પ્લાસ્ટિકના ક્રેટ્સ, લાડુ બનાવવા માટેના મોલ્ડ, બોટલ્સ, હેન્ડલ્સ કેવી રીતે બને તે સમજાવ્યું હતું અને તેના ખર્ચ, ઝડપ સહિતના લાભ ગણાવ્યા હતા.

સેમિનારના અંતે રસપ્રદ પ્રશ્નોત્તરી સેશન પણ યોજાયું હતું જ્યાં ઉપસ્થિત લોકોએ વ્યવહારુ અમલીકરણ, સામગ્રી પસંદગીઓ અને એડિટિવ મેન્યુફેક્ચરિંગમાં ભાવિ વલણો પર જિજ્ઞાસાથી પ્રશ્નો ઉઠાવ્યા હતા. જનરલ એન્જિનિયરિંગ કમિટીના સહ-અધ્યક્ષ શ્રી પ્રદીપ પટેલે દક્ષિણ ગુજરાતમાં એન્જિનિયરિંગ અને ઉત્પાદન ક્ષેત્રોમાં તેની સુસંગતતા પર પ્રકાશ પાડતા આ કાર્યક્રમની ઝાંખી આપી હતી. અન્ય સહ-અધ્યક્ષ શ્રી કિશોર પટેલે એડિટિવ મેન્યુફેક્ચરિંગમાં શ્રી મીત દવેની કુશળતા પર ભાર મૂકતા વક્તાનો પરિચય કરાવ્યો હતો.જનરલ એન્જિનિયરિંગ કમિટીના અધ્યક્ષ શ્રી દેવરાજ મોદી દ્વારા આભાર પ્રસ્તાવ સાથે કાર્યક્રમનું સમાપન થયું.